| | |
|---|---|
| | દુંદાળા દેવ |
| ૧ | અરજ સુણીને માં આવતીતી |
| ૨ | અમર તું રાખજે માં |
| ૩ | આસમાની રંગની ચૂંદડી રે, |
| ૪ | અંબા તારો આધારા |
| ૫ | અંબાના ગરબા ગાવા |
| ૬ | અંબા અભયપદ દાયિની રે |
| ૭ | આંબાની ડાળે કોયલ બોલે |
| ૮ | ચુંદડી રે માં બહુચરની ચુંદડી |
| ૯ | ચોટીલા વાળી ચંડી ચામુંડા |
| ૧૦ | ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડમાં |
| ૧૧ | ગરબોગવરાવું ખોડલ આઇનો |
| ૧૨ | ગળધરેથી માજી નિસર્યા |
| ૧૩ | હવે મંદિરના બારણા ઉઘાડો મોરી માત |
| ૧૪ | હિંચકો અંબે મા નો |
| ૧૫ | જાગી જાગીરે મોરી માત જાગી |
| ૧૬ | કાલાવડ ગામને વડલાને છાયડે |
| ૧૭ | કુમ કુમના પગલા પડયા |
| ૧૮ | કોઇ તાતણેયા ધરેથે તેડાવો |
| ૧૯ | ખોડીયાર છે જોગમાયા |
| ૨૦ | લળી લળી પાય લાગુ |
| ૨૧ | લાલ લાલ લાલ રે |
| ૨૨ | લીંપ્યું ને ગૂંપ્યું મારૂં આંગણું રે |
| ૨૩ | મા તું પાવામા પ્રગટાણી |
| ૨૪ | માં પાવાતે ગઢથી ઉતર્યા |
| ૨૫ | માતાજીના ઊંચા મંદિર નીચા મોલ, |
| ૨૬ | માડી તારા બેસણા ગઢ ગીરનાર |
| ૨૭ | માં અંબા તે રમવા નીસર્યા દેવી અન્નપૂર્ણા |
| ૨૮ | મા એ ગરબો કોરાવ્યો |

| | |
|---|---|
| ૨૯ | મીઠડા બોલે છે મોર |
| ૩૦ | મોગલ છેડતા કાળો નાગ |
| ૩૧ | રંગે રમે આનંદે રમે રે |
| ૩૨ | રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે લોલ |
| ૩૩ | સાવરે સોનાનો માનો ગરબો |
| ૩૪ | સાત સાત બેનુ ને હિરા ઝગમગે |
| ૩૫ | સાઢણી શોભે છે મોમાઇ માતની રે |
| ૩૬ | શું બેઠી માં પગ ઉપર પગ ચડાવી |
| ૩૭ | સોનલા ગરબો શીરે |
| ૩૮ | સોનાનો ગરબો માને રૂપલા |
| ૩૯ | તારા વિના માં સુનુ સુનુ લાગે |
| ૪૦ | તારા ડુંગરેથી ઉતર્યો |
| ૪૧ | તું કાળીને કલ્યાણી |
| ૪૨ | ઉચા ઉચા રે માળી તારા ડુંગરા |
| ૪૩ | વરસે ભલે વાદળીને |
| ૪૪ | વનમા વસે છે અંબે માત |
| ૪૫ | વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા, |
| ૪૬ | આરતી |

# ૧ દુંદાળા દેવ

દુંદાળા દેવ વિઘન હરન લંબોદર નામ તમારું
સહું કરતાં સેવ સુધબુધ ના સ્વામી ને ચરણે હું નમું
ગજ મુખ સનમુખના છો સ્વામી , ઘણુ રૂપ દિશે ન મળે ખામી
દુ..ખડા ટાળો અંતરયામી:
તારુ મુખડું સિંદુરથી રાતું , લાડુ લઇ સુંઢ વડે ખાતું
તારૂ રૂપ દિશે છે મદમાતું..
તારી ચાર ભુજા છે રૂપાળી , કમંડળ ફરશી અંકુશવાળી
ચોથે કર પંકજની જપમાળ ..
તારે મસ્તકે મુગટે હિરા ઝ્ળકે , કાને મુક્તા ફળ બે લટકે
તારુ ભાલ તિલક સુંદર ઝ્ળકે..
તારું વાહ્ન ઉંદર રૂપાળું , તે દિશે કાજળ સમ કાળું
તને હ્રદય કમળ માં બહું વાલુ ..
તારી રિદ્ધિ સિદ્ધિ છે નારી , તે તો ક્ષેમકુશળની કરનારી
તેની વાણીથી સરસ્વતી હારી
માં ભદ્ર વલ્લભ છે તારો , એની કૃપા કરી બાહે ઝાલો
એને ચરણ કમળ માં નિત રાખો ..

# અરજ સુણીને માં આવતીતી

અરજ સુણીને માં આવતીતી સાદ સાંભળીને માં આવતીતી રે
ખોડલમાં રે ખમકારી એ માં ખોડલમાં રે ખમકારી
નવઘણ આવ્યો માને નેહડે લળી લળી લાગ્યો પાય
આઇએ તેદી હાથ લાંબા કર્યા એવા ઓવારણા લીએ આઇ
વરૂડી બનીમાં વીનવતીતી રે વીરના ઘોડલા વાળતીતી રે

**ખોડલમાં રે ખમકારી એ માં ખોડલમાં રે ખમકારી**

**ચુલે ચડાવી માએ કુલડી હો એમાં અખૂટ દુધ ઉભરાય**
**પછીતો વાલથી ખવરાવે વીરને આજ હૈયુ માનું હરખાય**
**પ્રેમથી દુધ પીવડાવતીતી રે કુલડીએ કટક જમાડતીતીરે**
**ખોડલમાં રે ખમકારી એ માં ખોડલમાં રે ખમકારી**
**સેના લઇ હાલ્યો સિંધમાં આડો છે દરીયો અપાર**
**માડી અમને મારગતું બતાવજે હો મારે જાવું છે જાહલની વાર**
**ચકલી બનીને ભાલે ચડતીતી રે દરીયામાં ઘોડા દોડાવતીતી રે**
**ખોડલમાં રે ખમકારી એ માં ખોડલમાં રે ખમકારી**
**એવા જંગમા નવઘણને જીતાડીયો અને હરાવ્યો સુમરો હમીર**
**પછી બંદી ખાનેથી છોડાવી બેનડી ત્યારે સુખના વાયા સમીર**
**રણ ની ભીડ ભાંગતીતીરે લાજુ સોરઠની રાખતીતી રે’નંગા‘**
**ખોડલમાં રે ખમકારી એ માં ખોડલમાં રે ખમકારી**

# અમર તું રાખજે માં

અમર તું  રાખજે માં માં મારો ચુડીને ચાંદલો
લલાટે કર્યો રે માડી કંકુ કેરો ચાંદલો
જો જે ભુસાઇ જાય ના માં માં મારો ચુડીને ચાંદલો
હાથે પેર્યો છે મે તો નંવરંગી ચુડલો
જો જે નંદવાઇ જાય ના માં માં મારો ચુડીને ચાંદલો
સેંથો પુર્યો છે મે તો માંડી સિંદુરનો
જો જે ભુસાઇ જાય ના માં માં મારો ચુડીને ચાંદલો
માથે ઓઢી છે મે તો નવરંગી ચુંદડી
જો જે લજવાઇ જાય ના માં માં મારો ચુડીને ચાંદલો

# આસમાની રંગની ચૂંદડી રે

આસમાની રંગની ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે ચાંદલા રે,
ચાંદલા રે, માની ચૂંદડી લહેરાય
નવરંગે રંગી ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે હીરલા રે,
હીરલા રે, માની ચૂંદડી લહેરાય
શોભે મજાની ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે મુખડું રે,
મુખડું રે, માની ચૂંદડી લહેરાય
અંગે દીપે છે ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
પહેરી ફરે ફેર ફૂદડી રે,
ફેર ફૂદડી રે, માની ચૂંદડી લહેરાય
લહરે પવન ઊડે ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
આસમાની રંગની ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય

# અંબા તારો આધારા

અંબા તારો આધારા જીવનના પંથમાં
અથડાવું ભવરણ મોજાર  જીવનના પંથમાં
જીવનના પંથમાં કાંટાને કંકરાં
ખાડા ટેકરાં અપાર જીવનના પંથમાં
વાઘ વરૂને સુવર શિયાળવા
મારવા કરતાં પોકાર જીવનના પંથમાં
નાવિક વિનાનું નાવ ઝોલે ચડયું છે
નાવડી તારો દયાળ જીવનના પંથમાં
દયાના સાગર તમે દિન દયાળ છો
શરણે આવ્યો તમ બાળ જીવનના પંથમાં

# અંબાના ગરબા ગાવા

અંબાના ગરબા ગાવા તું આજા માની પારે
આનંદના લેવા લાવા તું આજા માની પારે
મા વિના નથી સગાઇ અંબાને ભજી લે ભાઇ
છોડી દે કાવા દાવા  તું આજા માની પારે
તું માં માં કરતો જા જે તું માન સરોવર નાજે
પાપ તારા ધોવાને તું આજા માની પારે
કાયમ નથી રહેવાનું એક દિન સૌને જવાનું
જે થવાનું તે થવાનું તું આજા માની પારે
અંબાના જે ગુણ ગાશે પાપી પણ પાવ
તું અંબા ધુન લગાવા તું આજા માની પારે

# અંબા અભયપદ દાયિની રે

અંબા અભયપદ દાયિની રે શ્યામા સાંભળજો સાદ ભીડભંજની
હેમ હિંડોળે હિચતા રે હિચે આરાસુરની માત ભીડભંજની
સખીયો સંગાથે કરે ગોઠડી રે આવી આઠમની રાત ભીડભંજની
સર્વે આરાસુર ચોકમાં રે આવો તો રમીએ રાસ ભીડભંજની
એવે સમે આકાશથી રે આવ્યો કરૂણ પોકાર ભીડભંજની
કોણે બોલાવી મુજને રે કોણે કર્યો મને સાદ ભીડભંજની
મધ દરીએ તોફાનમાં રે માડી ડૂબે છે મારૂ વાણ ભીડભંજની
કીધી કમાણી શા કામની રે જાવા બેઠા જ્યા પ્રાણ ભીડભંજની
વાયુ ભંયકર ફૂકતો રે વેરી થયો વરસાદ ભીડભંજની
આશા ભર્યો હું આવીયો રે વ્હાલા જોતા હશે વાટ ભીડભંજની
હૈયું રહે નહી હાથમાં રે દરીએ વાળ્યો દાટ ભીડભંજની
મારે તમારો આશરો રે દોડી આવો મોરી માત ભીડભંજની
અંબા હિંડોળેથી ઉઠીયા રે ઉઠ્યા આરાસૂરની માત ભીડભંજની
સખીઓતે પુછવા લાગી રે ક્યા રે કિધા પરિયાણ ભીડભંજની
વાત વધુ પછી પૂછજો રે બાળ મારો ગભરાય ભીડભંજની
ભક્ત મારો ભીડે પડ્યો રે હું થી તે કેમ ખમાય ભીડભંજની
એમ કહી નારાયણી રે સિંહે થયા અસવાર ભીડભંજની
ત્રિશૂળ લીંધુ હાથમાં રે તાર્યું વણિકનું વાણ ભીડભંજની
ધન્ય જનેતા આપને રે ધન્ય દયાના નિધાન ભીડભંજની
પ્રગટ પરચો આપનો રે 'ભટ્ટ વલ્લભ' ગુણ ગાય ભીડભંજની

# આંબાની ડાળે કોયલ બોલે

આંબાની ડાળે કોયલ બોલે મન માને છે
તું એકવાર અંબેમાં બોલ મારું મન માને છે
આરા સુર રણિયામણા મન માને છે
ત્યાં વસે છે અંબે માત મારું મન માને છે
શંખલપુર  રણિયામણા મન માને છે
ત્યાં વસે છે બહુચર  માત મારું મન માને છે
માટેલ ધામ  રણિયામણા મન માને છે
ત્યાં વસે છે ખોડલ  માત મારું મન માને છે
ચોટીલા ધામ  રણિયામણા મન માને છે
ત્યાં વસે છે ચાંમુડ માત મારું મન માને છે
પાવાગઢ રણિયામણા મન માને છે
ત્યાં વસે છે મહાકાળી  માત મારું મન માને છે

# ચુંદડી રે માં બહુચરની ચુંદડી

ચુંદડી રે માં બહુચરની ચુંદડી
એમાં ઝગમગ આંભલા થાય માં બહુચરની ચુંદડી
માં ની તે ચુંદડીના મોઘેરા મુલ છે
મોતીડાના ગુથેલા નવરંગી ફુલ છે
એ.. એમાં રૂડા રૂડા રંગ ઉભરાય માં બહુચરની ચુંદડી
ચુંદડીના પાલવડે ગુંથી કાંગરીઓ
છેડલે મુકી ઝીણી ઝીણી ઘૂઘરીયા
એની ઘુઘરી ખન ખન થાય માં બહુચરની ચુંદડી
રાજાને પ્રજા સૌ દર્શને આવતા
હૈયાના હેતથી ચુંદડી ચડાવતા
એવી માતાની પારે મુકાય માં બહુચરની ચુંદડી
ચુંદડીનો મહિમા નટુદાન ગાવે
બહુચર માં ના ભકતોના હૈયા હરખાવે
આનંદ મંગળ થાય માં બહુચરની ચુંદડી

# ચોટીલા વાળી ચંડી ચામુંડા

ચોટીલા વાળી ચંડી ચામુંડા

બોલાવે તમને બાળ ચામુંડ મુકો અબોલડા

બાલુડા આપના પાયે પડીને વિનવે વારંવાર ચામુંડ મુકો અબોલડા

અવગુણ સામુ જોશોના માવડી , માતા કુમાતા થાશો ના માવડી

છોરૂ કછોરૂ કહેવાય ચામુંડ મુકો અબોલડા

દેવો ઉગાર્યા ને દૈત્યો સંહાર્યા , ભક્તજ્નોના સંકટ સૌ કાપ્યા

ઋષિ મુનિ જશ ગાય ચામુંડ મુકો અબોલડા

ધીરજ ખુટીને મારૂ મનડુ મુઝાય છે , મધ દરીયે મારુ નાવ અથડાય છે

બાળકની વારે તૂં આવ ચામુંડ મુકો અબોલડા

વાટલડી જોતા થાકી છે આંખડી , વિતે છે રાતડીને ડુબે છે નાવડી

દોડી આવ્યો તારે દ્વાર ચામુંડ મુકો અબોલડા

ઘેરાણા વાદળ વિપતના જયારે , સિંધમા જાહલ ઘેરાણી જયારે

નવઘણની કિધિ સહાય  ચામુંડ મુકો અબોલડા

વિનંતી સુણીને માજી પધાર્યા , ભક્તજનોના સંકટ સૌ કાપ્યા

ભટ્ટ વલ્લભ ગુણ ગાય ચામુંડ મુકો અબોલડા

https://pdfseva.com/

# ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડમાં

ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડમાં
રઢીયાળી રાતડીનો જો જે રંગ જાયના
પુનમની રાતડી ને આંખડી ઘેરાયના
ધ્રુજે ના ધરણી તો રમઝટ કહેવાયના રઢીયાળી રાતડીનો..
એ ચમકતી ચાલ માને ઘૂઘરી ઘમકાર
નેપૂરના નાદ સાથે તાળીઓના તાલ
ગરબામાં ઘૂમતા માં ને કોઇ થી પહોંચાયના રઢીયાળી રાતડીનો
એ વાંકડીયા વાળ માને કેશ કલાપ
મોગરાની વેણીમા શોભે ગુલાબ
આછી આછી ઓઢણીમાં રૂપ માનું માયમાં રઢીયાળી રાતડીનો
શોભે શણગાર સજી અવની પર આજ
રમવાને રાસ આવ્યા અલબેલી માત
નીરખું નીરખું ને મારું મનડું ધરાયના રઢીયાળી રાતડીનો
માઝમ રાતે માત અમૃત વરસાવ
પ્રેમી બાલુડાને પ્રેમે ભીજાવ
ભુલુ ભુલુ ને તેજ ભુલ્યું ભુલાયના રઢીયાળી રાતડીનો

# ગરબો ગવરાવું ખોડલ આઇનો રે લોલ

ગરબોગવરાવું ખોડલ આઇનો રે લોલ
આઇ છે મારા કુળ તણી રખવાળ જો ગરબો ગવરાવું ....
ચારણ કુળમાં માળી અવતર્યા રે લોલ
અવતર્યા છે મામળીયાને ઘેર જો ગરબો ગવરાવું ....
અજવાળી બીજ ને અષાઢ માસ છે રે લોલ
અવતર્યા કાંઇ સાતે બેનું સાથ જો ગરબો ગવરાવું ....
આવડ-જોગળ-તોગળ બેનડી રે લોલ
બીજબાઇ સાંસાઇ હોલ ખોડીયાર જો ગરબો ગવરાવું ....
સુમલદેને માળી સહાય થયારે લોલ
દીધો છે કાંઇ નવઘણ બાળ જો ગરબો ગવરાવું ....
પાંચ-દશ-પંદર વર્ષ વિતીયા રે લોલ
જોળી છે કાઇ નવઘણ કેરી જાન જો ગરબો ગવરાવું ....
સુમલ દે સમરે ખોડલ માતને રે લોલ
આવોને કાઇ માતા મોરી આજ જો ગરબો ગવરાવું ....
સાતે બેનડીયુ આવી સામટી રે લોલ
ગીતડીયા કાઇ લગ્નના ગવાય જો ગરબો ગવરાવું ....
અખુટ ખજાના આપે ખોડલી રે લોલ
આમૈયા કાઇ સ્વર્ગથી સોહાય જો ગરબો ગવરાવું ....
વિનંતી કરે છે વેલો ખોડલી રે લોલ
કરજો મારા કુળ તણી રખવાળ જો ગરબો ગવરાવું ....

# ગળધરેથી માજી નિસર્યા

ગળધરેથી માજી નિસર્યા આવ્યા છે માટેલ ધામ રે હાં
ગામ માટેલને ધરો માટેલીયો ત્યા છે સ્થાન ખોડીયારના રે હાં
બાર બાર વર્ષ ગાય રેઢી ચારે છે ગોવાળને નો'તી જાણ રે હાં
એકદિન ગોવાળ જીદે ચડયો છે ગાયની પાછળ જાય રે હાં
ગાય માતાજી ચાલ્યા ધરામાં ગોવાળે પુંછડું ઝાલ્યુ રે હાં
હેમ હિંડોળે માતાજી હિંચકે પુછ્યું અલ્યા કેમ આવ્યો રે હાં
બાર બાર વર્ષ ગાય રેઢી ચારે છે વરત આપો મોરી માત રે હાં
જારના પાંદડા માજીએ આપ્યા ગોવાળે ધાબરે બાંધ્યા રે હાં
ત્યાથી ગોવાળ બહાર નિકળ્યો પાંદડા ધરાની પાસ નાખ્યા રે હાં
ધરેથી ગોવાળ ઘરે આવ્યો છે મુર્ખે  માને ન ઓળખ્યા રે હાં
ઘરે જઇ ગોવાળે ધાબરો ખંખેરીયો સોનાનું પાન એક દિઠું રે હાં
ત્યાથી ગોવાળ ધરે આવ્યો છે પાંદડા ત્યા ન દિઠા રે હાં
ત્યાથી ગોવાળ સીધો ગયો છે બાદશાહને કિધી જાણ રે હાં
માટેલ ધરામાં સોનાનું દેવળ નજરો નજર મેં ભાળ્યું રે હાં
નવસો નવાણું કોહ ધરે મંડાણા સોનાનું ઇડું એક દિઠું રે હાં
માતા ખોડીયારે હાકલ મારી છે ભાણેજીયા વેલો આવજે રે હાં
કાળે ઉનાળે ભાણેજીયો આવ્યો નવસો નવાણું કોહ તાણ્યા રે હાં
સાહેબ લોકોએ ટોપી ઉતારી નમન કરે છે વારંવાર રે હાં
આરે ગરબો આઇ ખોડીયારનો ગાય શીખે જે સાંભળે રે હાં
આરે ગરબો તારા બાળકો એ ગાયો ભુલ ચુક કરજો માફ રે હાં

# હવે મંદિરના બારણા

હવે મંદિરના બારણા ઉઘાડો મોરી માત
ગગન કેરે ગોખે આવી નોરતાની રાત
નભમાં તારલીયા તારી આરતી ઉતારે
સમીર શણગાર ઘાટ તુજને સત્કારે
આસમાની ઓઢણીમાં ટપકીયાળી ભાત
ગગન કેરે ગોખે આવી નોરતાની રાત
ચંદ્રમાનું ચંદનને સુરજનું કંકુ
હવે આશિષ આપોને મોરી માત
ગગન કેરે ગોખે આવી નોરતાની રાત

# હિંચકો અંબે મા નો

હિંચકો અંબે માનો માંના મંદિરીએ ઝગ મગ થાય
માની તે પાળે માળીળો આવે
માળીળો આવે રૂડા હાર ગુંથી લાવે
હાર ગુંથી લાવે માનો હીચકો ઝુંલાવે
માની તે પાળે કુંભારી આવે
કુંભારી આવે રૂડા ગરબા લઇ આવે
ગરબા લઇ આવે માનો હીચકો ઝુંલાવે
માની તે પાળે સોનીડો આવે
સોનીડો આવે રૂડા ઝાંઝર લઇ આવે
ઝાંઝર લઇ આવે માનો હીચકો ઝુંલાવે
માની તે પાળે મણીયારો આવે
મણીયારો આવે રૂડી ચુંદડી લઇ આવે
ચુંદડી લઇ આવે માનો હીચકો ઝુંલાવે

# જાગી જાગીરે મોરી માત જાગી

જાગી જાગીરે મોરી માત જાગી
સૂતી સરધારની સિમોય જાગી મોરી માત જાગી
જાગી ધૂનાના ગામની જગાળી ચંડમૂંડને ચોળવાવાળી
જાગી જાગી જંગદંબ એક પલમાં અવલંબ
બળતા જળતા બાલુડાની ચોટ લાગી મોરી માત જાગી
ધરમ સાચવવા છોરૂ એ ઢંઢોળી તરત લીધા ત્રિશૂલ માએ તોળી
બાંધ્યા બખતર હથિયાર ઢાલ બરછેને તલવાર
ત્યા હજારેક સાવજડાની હાંક વાગી મોરી માત જાગી
ઉંચા ઉંચા ડુંગરડા ડોલીયા માની હાંકે મોરલીયા બોલીયા
ગાજયા ધરતી આકાશ વીજ ચમકી ચોપાસ
છૂટી શિખર કૈલાશે શંકરની સમાધી મોરી માત જાગી
માં એ અનેક અસુરો સંહાર્યા મોટા દૈત્યોને રણમાં માર્યા
આવી કરવા ઉદ્ધાર મુખે કરતી ખમકાર
ડ ભાંગી મોરી માત જાગીભોલા બાલુડાની ભી 'દાદ'

# કાલાવડ ગામને વડલાને છાંયડે

કાલાવડ ગામને વડલાને છાંયડે
શોભા તણો નહી પાર મંદિરમાં શોભે માં શિતળા
પહેલો પરચો માએ રાજવીને આપ્યો
મંદિર બંધાવ એવો હુકમ કિધો
સ્વપ્નામાં કર્યો પડકાર મંદિરમાં શોભે માં શિતળા
હુકમ સુણીને રાજા ત્યા આવીયા
ચુંદડીને મોળીયો સંગાથે લાવીયા
જોયો માં તારો ચમત્કાર મંદિરમાં શોભે માં શિતળા
પ્રગટયા માજી ધરણી ધ્રુજાવતાં
જામ રાવલજીએ મંદિર બંધાવ્યા
વર્તાયો જય જયકાર મંદિરમાં શોભે માં શિતળા
સંધ્યા ટાણે તારા ભક્તો સૌ આવતાં
આરતી ગાઇને ગગન ગજાવતાં
નમન કરે નરનાર મંદિરમાં શોભે માં શિતળા
દેશ પરદેશથી માનતાએ આવતાં
દર્શન કરીને શીશ સૌ નમાવતાં
વંદન કરે વારંવાર મંદિરમાં શોભે માં શિતળા

# કુમ કુમના પગલા પડયા

કુમ કુમના પગલા પડયા માડીના હેત ઢળ્યા
જોવા લોક ટોળે મળ્યારે માડી તારા આવવાના એંધાણા ઠર્યા
હે.. માડી તૂ જો પધાર સજી સોળે શણગાર
આજ મારો તે દ્વાર થાશે પાવન પગથાર
હે.. ગીચ તારો દરબાર રેલે રંગની રસધાર
ગરબો ગોળ ગોળ ધૂમતો થાશે શાકાર
ચાચરના ચોકે ચડયા  દિવડાઓ જ્યોતે જગ્યા
મનડા હારો હાર હર્યારે માડી તારા આવવાના એંધાણા ઠર્યા
હે.. માં તું તેજનો અંબાર માં તું ગુણનો ભંડાર
માં તું દર્શન દેશે તો થાશે આંનદ અપાર
હે.. ભવ ભવનો આધાર માં તું ગુણનો ભંડાર
કૃપા કરજો અમ રંક પર માવડી લગાર
સુરજના તેજ ઢળ્યા ચંદ્રકિરણ હૈયે વસ્યા
તારલીયા ટમ ટમ્યારે માડી તારા આવવાના એંધાણા ઠર્યા
હે.. માં તું સૃષ્ટી રચનાર સૌનું પાલન કરનાર
માં તું કરતી સંહાર કરજે સૌનો ઉદ્ધાર
હે.. કણ કણમાં રહેનાર રૂપ અગણીત ધરનાર
રોમે રોમે વસનાર તું છે સૌનો આધાર
શસ્ત્રો તે હાથ ધર્યા અસુરોને નષ્ટ કર્યા
ભક્તોના કષ્ટ હર્યા રે માડી તારા આવવાના એંધાણા ઠર્યા

# કોઇ તાંતણીયા ધરેથી તેડાવો મારી બેનુંરે

કોઇ તાતણેયા ધરેથે તેડાવો મારી બેનુરે ખોડીયાર રમવાને આવે

કોઇ માટેલ જઇને મનાવો મારી બેનુરે ખોડીયાર રમવાને આવે

આશોના ઉજળા આવ્યા છે નોરતા મનડે કોડ નથી માતો

મા ના તહેવારનો મહિમા છે એવડો સૃષ્ટીમાં નથી રે સમાતો

સારા સર્જનની શોભા સજાવો મારી બેનુંરે ખોડીયાર રમવાને આવે

કોઇ તાતણેયા ધરેથે તેડાવો મારી બેનુરે ખોડીયાર રમવાને આવે

ઝાડવે ઝાડવે દીપ પ્રગટાવો વાંસતી વાહુલીયા વાવો

પત્થરને કહી દો ફુલડા થઇ જાય જડમાં ગીત જગાવો

તમે આકાશે ઢોલ વગળાવો મારી બેનુંરે ખોડીયાર રમવાને આવે

કોઇ તાતણેયા ધરેથે તેડાવો મારી બેનુરે ખોડીયાર રમવાને આવે

આભ કેરી ઓઢણી ઓઢી છે અંગમાં સુરજનો ગરબો સજાવ્યો

ગંગાને જમુનાના પાયલ છે પગમાં હેમાળાનો હાર લટકાવ્યો

કહે 'આપ' તમે ફુલ વરસવો  મારી બેનુંરે ખોડીયાર રમવાને આવે

# ખોડીયાર છે જોગમાયા

ખોડીયાર છે જોગમાયા મામડીયાની ખોડીયાર છે જોગમાયા

માડીની પારે વાંઝિયારે આવે

વાંઝિયાને પારણા બંધાવે મામડીયાની ખોડીયાર છે જોગમાયા

માડીની પારે આંધળારે આવે

આંધળાને આંખો આપે મામડીયાની ખોડીયાર છે જોગમાયા

માડીની પારે પાંગળારે આવે

પાંગળાને પાવ આપે મામડીયાની ખોડીયાર છે જોગમાયા

માડીની પારે કોઢિયારે આવે

કોઢિયાને કાયા આપે મામડીયાની ખોડીયાર છે જોગમાયા

https://pdfseva.com/

# લળી લળી પાય લાગુ

લળી લળી પાય લાગુ દયાળી દયા માંગુ રે મોગલ માડી
તું ચૌદ ભૂવનમાં રેતી ઉડળમાં આભ લેતી
છોરૂને ખમ્મા કેતી રે મોગલ માડી
તું દાઢાળી દેવી એવી સુરનાગ નાર એવી
તને કેવડીક કેવી રે મોગલ માડી
તું ધાંધણીયા ઘેર આવી તાત દેવસુર દીપાવી
તુને વંશ ચારણે વધાવી રે મોગલ માડી
'દાન અલગારી' રંગ દ્યે  છે ભામીડા તારા લ્યે છે
તને ઉદો ઉદો ક્યે છે રે મોગલ માડી

# લાલ લાલ લાલ રે

લાલ લાલ લાલ લાલ લાલ રે
હો માની ઓઢણીનો રંગ લાલ લાલ રે
સોળે શણગાર સજી માડી પધાર્યા
ધરતી ગાજે છે ધમ ધમ રે
સંખલપુરથી માં બહુચર પધાર્યા
ઝાંઝર વાગે છે છમ છમ રે
માટેલ ધામથી માં ખોડલ પધાર્યા
મુખડું મલકે છે મલ મલ રે
ધામા તે ગામથી મા શક્તિ પધાર્યા
તેજ તણો નહિ પાર રે

# લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું રે

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું રે
પગલીનો પાડનાર દ્યોને રન્નાદે
વાંઝિયાં મે'ણાં માતા દોહ્યલાં

દળણાં દળીને હું ઊભી રહી
કુલેરનો માગનાર દ્યોને રન્નાદે
વાંઝિયાં મે'ણાં માતા દોહ્યલાં

મહીડાં વલોવીને હું ઊભી રહી
માખણનો માગનાર દ્યોને રન્નાદે
વાંઝિયાં મે'ણાં માતા દોહ્યલાં

પાણીડાં ભરીને હું તો ઊભી રહી
છેડાનો ઝાલનાર દ્યોને રન્નાદે
વાંઝિયાં મે'ણાં માતા દોહ્યલાં

રોટલાં ઘડીને હું તો ઊભી રહી
ચાનકીનો માગનાર દ્યોને રન્નાદે
વાંઝિયાં મે'ણાં માતા દોહ્યલાં

ધોળો ધફોયો મારો સાડલો રે
ખોળાનો ખૂંદનાર દ્યોને રન્નાદે
વાંઝિયાં મે'ણાં માતા દોહ્યલાં

# માં તું પાવામા પ્રગટાણી

મા તું પાવામા પ્રગટાણી ભવાનીમા કાળકા રે લોલ
મા તારે ડુંગરડે ચડવું તે અતિઘણું દોહ્યલું રે લોલ.

મા તારા મંડપના દર્શન રે કરવાં અતિ દોહ્નાલા રે લોલ
મા તું પાવામા પ્રગટાણી ભવાનીમા કાળકા રે લોલ
મા તારે કાંડે કંડલા જોડ રે ઝાંઝરી ઝગમગે રે લોલ
મા તારે અંગુઠ વીંછીંયા પાન રે ઘૂઘરી રણઝમે રે લોલ.

મા તારે દસે આંગળીયે વેઢ રે પહોંચા પરવળે રે લોલ
હે મા તારે શ્રવણ ઝબૂકે ઢાલ, કંઠે હાર શોભતા રે લોલ

મા તું પાવામા પ્રગટાણી ભવાનીમા કાળકા રે લોલ
મા તારી ટીલડી તોઅલ લાખ રે સેંથે શોભતો રે લોલ
મા તારે નાકે નથેશ્વર ઊંચી કે શોભા બહુ બની રે લોલ

# માં પાવાતે ગઢથી ઉતર્યા

માં પાવાતે ગઢથી ઉતર્યા મહાકાળી રે
માં પરવર્યા ગુજરાત પાવાગઢ વાળી રે
માં ચાંપા તે શેરના ચાર ચૌટા મહાકાળી રે
ત્યા સોનીડે માંડ્યા હાટ પાવાગઢ વાળી રે
સોનીડો લાવે દામણી મહાકાળી રે
હે મારી મહાકાળીને કાજ પાવાગઢ વાળી રે
માં ચાંપા તે શેરના ચાર ચૌટા મહાકાળી રે
ત્યા કુંભારીએ માંડ્યા હાટ પાવાગઢ વાળી રે
કુભારી લાવે ગરબા મહાકાળી રે
હે મારી મહાકાળીને કાજ પાવાગઢ વાળી રે
માં ચાંપા તે શેરના ચાર ચૌટા મહાકાળી રે
ત્યા માળીળાએ માંડ્યા હાટ પાવાગઢ વાળી રે
માળીળો લાવે ફુલડા મહાકાળી રે
હે મારી મહાકાળીને કાજ પાવાગઢ વાળી રે
માં ચાંપા તે શેરના ચાર ચૌટા મહાકાળી રે
ત્યા કસુંબીએ માંડ્યા હાટ પાવાગઢ વાળી રે
કસુંબી લાવે ચૂંદડી મહાકાળી રે
હે મારી મહાકાળીને કાજ પાવાગઢ વાળી રે

# માતાજીના ઊંચા મંદિર નીચા મોલ

માતાજીના ઊંચા મંદિર નીચા મોલ,
ઝરૂખડે દીવા બળે રે લોલ !

માતાજીના ગોખ ગબ્બર અણમોલા

કે શિખરે શોભા ઘણી રે લોલ

આવી આવી નવરાત્રીની રાત

બાળા સૌ રાસે રમે રે લોલ

અંબેમાં , ગરબે રમવા હાલો,
સાહેલી સહુ ટોળે વળી રે લોલ !

અંબે માને શોભે છે શણગાર

પગલે કંકુ ઝરે રે લોલ

ખોડલ રાસે રમવા આવો

મુખડે ફુલડા ઝરે રે લોલ

માજી તારા દિવ્ય અનુપમ તેજ

જોઇ મારી આંખ ઠરે રે લોલ

ગરબો બાળ તારો ગવરાવે

આશા મારી પુરજો રે લોલ

# માડી તારા બેસણા ગઢ ગીરનાર

માડી તારા બેસણા ગઢ ગીરનાર
નવે ખંડ નજરૂ પડે રે લોલ
માડી એ દીપાવ્યો સોરઠ દેશ
ધજાડી આઇ ખોળીયુ ધરે રે લોલ
માડી તારા નિર્મળ રૂપ અનેક
કે લાખ લાખ વંદન કરૂ રે લોલ
માડી તારા ગરવા ગુઢા દેહ
તપે છે રૂડો ભેળીયો રે લોલ
માડી તારા લટમાં જમુના ઝુલે
જીભડીએ ગંગા ઝરે રે લોલ
માડી તે તો સોળે સજ્યો શણગાર
નોરતાની નોબત વાગી રે લોલ

# માં અંબા તે રમવા નીસર્યા

માં અંબા તે રમવા નીસર્યા દેવી અન્નપૂર્ણા,
મા શો લીધો શણગાર રે ... દેવી.
મા લીલાવટ દીવડી શોભતી .દેવી ..
મા દામણી રત્નજડાવ રે .દેવી ..
મા કાને કનક ફૂલ શોભતા .દેવી ..
મા ઝાંઝારનો ઝણકાર રે .દેવી ..
મા કોટે તે પાટિયાં હેમના .દેવી ..
મા કંડીઓ રત્નજડાવ રે .દેવી ..
મા બાંયે બાજુબંધ બેરખાં .દેવી ..
માને દશે આંગળીએ વેઢ રે .દેવી ..
ઓઢણી કસુંબલ ઘાટ રે .દેવી ..
મા પગે તે કડલાં શોભતા .દેવી ..
મા કાંબીઓ રત્નજડાવ રે .દેવી ..
મા ગાય અને જે સાંભળે .દેવી ..
તેની અંબા પૂરે આશ રે .દેવી ..
ભટ્ટ વલ્લભ મા તાહરો .દેવી ..
મા જન્મોજનમનો દાસ રે .દેવી ..

# મા એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે

મા એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે,
સજી સોળ રે શણગાર મેલી દિવડાં કેરી હાર.
મા એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે

ગબ્બરની લઇ માંડવી માથે ઘૂમતી મોરી માત
ચુંદલડીમાં ચમકે ઝાઝી રૂપલે મઢી રાત.
જોગમાયાને અંગ નર્યો નીતરે ઉમંગ
રમે જોગણીયો સંગ રૂડો અવસરનો રંગ
મા એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે,

ચારેજુગનો ચુડલો માનો સોળ કળાનો વાન
અંબાના અણસારા વીના હાલે નહિ પાન
માના રૂપની નહિ જોડ, એને રમવાનાં બહુ કોડ
માંડે ગરબા કેરી હોડ, રૂડો અવસરનો રંગ
મા એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે.

# મીઠડા બોલે છે મોર

મીઠડા બોલે છે મોર અંબાના ડુંગરે
કરતી કોયલ કલશોર અંબાના ડુંગરે
ચૌદ ભુવનમાં રાણી જ્યાં રાજતા
જ્યોતિ ત્યા જાણે બપોર અંબાના ડુંગરે
ભક્તોના મંડળો  ભાવે ત્યા આવતાં
તાનમાં ભક્તિનો તોર અંબાના ડુંગરે
માજીનું મુખ જાણે ચંદ્રમાં શરદનો
ભક્તોના ચિતડાનો ચોર અંબાના ડુંગરે
માડીની ઇચ્છાને દેવો આધિન છે
કોઇનું ચાલે ના જોર અંબાના ડુંગરે
પાપીઓની પાપવૃતિ ત્યાં તો પોષાયના
અંધ બને માડીનો ચોર અંબાના ડુંગરે
દલડામાં દર્શનથી દિવ્ય જ્યોત જગાવવા
લાગેલો ગોવિંદનો દોર અંબાના ડુંગરે

# મોગલ છેડતા કાળો નાગ

મોગલ છેડતા કાળો નાગ મોગલ દેવ એવી છે
એને આંગળી નો ચિંધાય કુડા સોગંદના ખવાય
જયારે ખોળીએ આવે દેવ આઇ તો પ્રલયકાળ જેવી છે
મોગલ રીજે આપે રાજ મોગલ ખીજે વાળે દાટ
મોગલ લાખોમાં છે એક દયાધામ જેવી છે
મોગલ નામ જ્યા લેવાય ભૂત પ્રેત ભાગી જાય
એના માદળે પુજાય પુછો દેવ કેવી છે
માને તરવાડો દેવાય કઠણ ભેળીયો પુજાય
મોગલ ધાંધળીયાની બાળ મોગલ દેવ એવી છે
મોગલ મેળે રાજી થાય મોગલ દેવ એવી છે
કવિ  ગુણ ગાય મારી કુળ દેવી છે 'આપ'

# રંગે રમે આનંદે રમે રે

રંગે રમે આનંદે રમે રે આજ નવદુર્ગા રંગે રમે
આદિત્યે આવિયા અલબેલી
મંડપમાં મતવાલા રે ભમે આજ નવદુર્ગા રંગે રમે
સોળે શણગાર માના અંગે સુહાવે
હીરલા રતન માને અરૂણા સમે આજ નવદુર્ગા રંગે રમે
મંગળવારે માજી છે ઉમંગમાં
ચાચર આવીને ગરબે રમે આજ નવદુર્ગા રંગે રમે
બુધવારે માજી બેઠા વિરાજે
રાસ વિલાસ માને  ગાવો ગમે આજ નવદુર્ગા રંગે રમે
ગુરુવારે મા ગરબે રમે છે
ચંદન પુષ્પ તે માને ગમે આજ નવદુર્ગા રંગે રમે
શુક્રવારે માજી ભાવ ધરીને
હેતે રમે તે માને ગમે આજ નવદુર્ગા રંગે રમે
શનિવારે મહાકાળી થયા છે
ભક્ત ભોજન માને ગમતા જમે આજ નવદુર્ગા રંગે રમે
વલ્લભ કહે માને ભાવે ભજો ને
રાસ વિલાસ ગાયો સૌએ અમે આજ નવદુર્ગા રંગે રમે

# રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે લોલ

રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે લોલ
પાય વાગે છે ઘુઘરીના ઘમકાર રે લોલ
રૂડે ગરબે રમે દેવી અંબિકા રે લોલ
આકાશમાંથી સૂર્ય જોવા આવીયા રે લોલ
સાથે દેવી રન્નાદેને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે દેવી અંબિકા રે લોલ
આકાશમાંથી ચંદ્ર જોવા આવીયા રે લોલ
સાથે દેવી રોહીણી ને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે દેવી અંબિકા રે લોલ
ઈંદ્રલોકમાંથી ઈંદ્ર જોવા આવીયા રે લોલ
સાથે દેવી ઈન્દ્રાણીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે દેવી અંબિકા રે લોલ
સ્વર્ગમાંથી વિષ્ણુ જોવા આવીયા રે લોલ
સાથે દેવી લક્ષ્મીજીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે દેવી અંબિકા રે લોલ
બ્રહ્મ લોકમાંથી બ્રહ્મ જોવા આવિયા રે લોલ
સાથે દેવી બ્રહ્માણીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે દેવી અંબિકા રે લોલ
પાતાળમાંથી શેષ નાગ આવીયા રે લોલ
સાથે સર્વે નાગણીઓને લાવીયા રે લોલ.

https://pdfseva.com/

# સાવરે સોનાનો માનો ગરબો

સાવરે સોનાનો માનો ગરબો રે લોલ
બ્રહ્મા એ ઘડ્યો રૂડો ઘાટ મારી ચાંમુંડા માત
ગરબે રમે છે ચાચર ચોકમાં રે લોલ
નવલા તે આવ્યા માના નોરતાં રે લોલ
આસોની અજવાળી રાત મારી ચાંમુંડા માત
સોળે શણગાર માને શોભતારે લોલ
ટીલડી ઝળકે લલાટ મારી ચાંમુંડા માત
આંભનો મંડપ માથે શોભતો રે લોલ
તારલાનો છે ચમકાર મારી ચાંમુંડા માત
ચોસઠ જોગણી રમતી રે લોલ
નવદુર્ગા ભેળી રમે રાસ મારી ચાંમુંડા માત
કાસીદ ગરબો ગવરાવતાં રે લોલ
આનંદ અંગે ઉભરાય મારી ચાંમુંડા માત

# સાત સાત બેનુ ને હિરા ઝગમગે

એવી સાત સાત બેનુંને હિરા ઝગમગે
કોઇના અંબે માનો ચોર રે
કુળદેવી માતા ચળતી રાખો અમારા કુળની
પહેલા નોરતે માજી પ્રગટ થયા
બીજા નોરતે બેઠારે બાજોઠ રે.. કુળદેવી માતા
ત્રીજા નોરતે ત્રિશુલ ધારીયા
ચોથે નોરતે માર્યો મહિસાસુર રે .. કુળદેવી માતા
પાંચમાં નોરતે પરચા પુરીયા
છઠ્ઠા નોરતે સિંહે થયા અસવાર રે.. કુળદેવી માતા
સાતમાં નોરતે સાત બેનડી
આઠમાં નોરતે હોમ હવન થાય રે .. કુળદેવી માતા
નવમાં નોરતે નવ દુર્ગા
દશેરાએ દિધા છે દર્શન રે .. કુળદેવી માતા

# સાંઢણી શોભે છે

સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણીએ મોમાઇ થયા અસવાર સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણી કચ્છના રણમાંથી નિકળી રે
સાંઢણીએ મોમાઇ થયા અસવાર સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણીને નાંકે સોનાની નથણી રે
સાંઢણીએ મોમાઇ થયા અસવાર સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણીને ડોકે માદરીયા હેમનારે
સાંઢણીએ મોમાઇ થયા અસવાર સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણીને મખમલની ગાદલી શોભતી રે
સાંઢણીએ મોમાઇ થયા અસવાર સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણીને પગે તે ઘુઘરા ઘમઘમે રે
સાંઢણીએ મોમાઇ થયા અસવાર સાંઢણી શોભે છે મોમાઇ માતની રે
સાંઢણી સૂરજબાને ગમતી રે
હે કાપડે માંગ્યા મોમાઇ માત સાંઢણી શોભે છે મોમાઇ માતની રે

https://pdfseva.com/

# શું બેઠી માં પગ ઉપર પગ ચડાવી

શું બેઠીમાં પગ ઉપર પગ ચડાવી
બોલતી નથી ચાલતી નથી કેમ રિસાણી મારી માત ભવાની
શું અપરાધ થયો છે અમારો
મારે આશરો એક તમારો
કરજે અમી દ્રષ્ટી પ્રેમ ભરી વૃષ્ટી
માફ કરજે આરાસુર વાઘ વાળી
હશે હજારો ભુલ અમારી
વાત ખોટી નથી માં તમારી
હું તો તારુ બાળક તું તો જગની પાલક
માં સાંભળજે જ્ઞાનભરી અમૃત વાણી
જગમાં પાખંડ પ્રપંચ થયા ભારી
જેથી મતી મુઝાણી અમારી
'મનુ' પાયે લાગે સાથે મુક્તિ માગે
માં ચરણોંમાં રાખ વાઘવ

# સોનલા ગરબો શીરે

સોનલા ગરબો શીરે અંબેમાં ચાલો ધીરે ધીરે
લટકે મટકે રાસ રમે છે
દક્ષિણીના તીરે અંબેમાં ચાલો ધીરે ધીરે
સોળે શણગારે શોભા વધે છે
હાર હીરા હેમ હેરે અંબેમાં ચાલો ધીરે ધીરે
સખીયો સંગાથે કેવા ઘૂમે છે
ફર ફર ફુદરડી ફરે અંબેમાં ચાલો ધીરે ધીરે
અષ્ટ્સુગંધી કેવી ઉડે છે
મહેકે ગુલબ નીરે અંબેમાં ચાલો ધીરે ધીરે
બંસરી વિણા માં સુર પુરે છે
વાગે મૃદંગ ધીરે ધીરે અંબેમાં ચાલો ધીરે ધીરે
માઇ કલાપી ધ્યાન ધરે છે
નેહ ભર્યા છે નીરે અંબેમાં ચાલો ધીરે ધીરે

# સોનાનો ગરબો માને રૂપલા

સોનાનો ગરબો માને રુપલા ઇઢોણી
ઇઢોણીમાં રત્ન જડાવું હો માં હો માં
રમવા આવો તો રંગ જામશે
ગરબો લઇને અમે આરાસુર ગ્યાતા
અંબેમાં બારણા ઉઘાડો  હો માં હો માં
ગરબો લઇને અમે પાવાગઢ ગ્યાતા
મહાકાળી બારણા ઉઘાડો  હો માં હો માં
ગરબો લઇને અમે માટેલ ગ્યાતા
માં ખોડીયાર બારણા ઉઘાડો  હો માં હો માં
ગરબો લઇને અમે દડવા ગ્યાતા
રાંદલમાં બારણા ઉઘાડો  હો માં હો માં

https://pdfseva.com/

# તમારા વિના માં સુનુ સુનુ લાગે

તામારા વિના માં સુનુ સુનુ લાગે
ગરબે રમવાને વેલા આવજો
હો..માં મારે તમને જોવા દર્શન કરવાં
નવલી નવરાત્રીની રાતડી જોવા તરસે આંખડી
આટલી અરજી માં ઉરમાં ધરી
તમે દર્શન દેવાને વેલા આવજો
ભવસાગરમાં ડુબે નાવડી તારવા આવો માવાડી
ઉંચા ઉંચા ડુંગરેથી સિંહે ચડીને
બાલકની વારે તમે આવજો
સુના છે ચાચરના ચોક સૌ સુના છે સૃષ્ટીના લોક સૌ
આનંદી બની માં ઉમંગ રેલાવો
આનંદ કરાવવા વેલા આવજો
સાચી કિધી છે મે વાતડી આંસુએ ભીજાય મારી આંખડી
ભક્તગણ સૌ તારા ગુણલા ગાએ
ગરબે રમવાને વેલા આવજો

# તારા ડુંગરેથી ઉતર્યો

**તારા ડુંગરેથી ઉતર્યો વાઘરે હો મારી અંબાજી માત**

**તારા વાઘને પાછો વાળ રે હો મારી અંબાજી માત**

માએ શોળે સજ્યા શણગાર રે **હો મારી અંબાજી માત**

માની  દામણી રત્નજડાવ રે **હો મારી અંબાજી માત**

માને કાને કનક ફૂલ શોભતા **હો મારી અંબાજી માત.**

માને ઝાંઝારનો ઝણકાર રે **હો મારી અંબાજી માત.**

માને કોટે તે પાટિયાં હેમના **હો મારી અંબાજી માત.**

માને કંડીઓ રત્નજડાવ રે **હો મારી અંબાજી માત.**

માને બાંયે બાજુબંધ બેરખાં **હો મારી અંબાજી માત.**

માને દશે આંગળીએ વેઢ રે **હો મારી અંબાજી માત.**

માની ઓઢણી કસુંબલ ઘાટ રે **હો મારી અંબાજી માત.**

માને પગે તે કડલાં શોભતા **હો મારી અંબાજી માત.**

માની  કાંબીઓ રત્નજડાવ રે **હો મારી અંબાજી માત.**

માને  ગાય અને જે સાંભળે **હો મારી અંબાજી માત.**

તેની અંબે માં પૂરે આશ રે **હો મારી અંબાજી માત.**

# તું કાળીને કલ્યાણી

તું કાળીને કલ્યાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તને ચારેય યુગમાં જાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તને પહેલા તે યુગમાં જાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું શંકર ઘેર પટરાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું ભસ્માસૂર હણનારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
માં તોયે તું બાળ કુવારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તને બીજા તે યુગમાં જાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું રામચંદ્ર ઘેર પટરાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું રાવણ કુળ  હણનારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
માં તોયે તું બાળ કુવારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તને ત્રીજા  તે યુગમાં જાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું પાંડવ ઘેર પટરાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું કૌરવ કુળ  હણનારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
માં તોયે તું બાળ કુવારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તને ચોથા તે યુગમાં જાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું પાવામાં પધરાણી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
તું પતઇને  હણનારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા
માં તોયે તું બાળ કુવારી મોરી માત જયાં જોવું ત્યા જોગમાયા

# ઉચા ઉચા રે માળી તારા ડુંગરા

ઉચા ઉચા રે માળી તારા ડુંગરા
માડી તારા ડુંગરારે લોલ
ડુગરીયા ટહુકે ઝિણા મોર ગરબે રમવા આવજો રે લોલ
પહેલી કંકોત્રી રે  માટેલ મોકલો રે લોલ
દેજો મારા ખોડલ માને હાથ ગરબે રમવા આવજો રે લોલ
બીજી કંકોત્રી રે ચોટીલા મોકલો રે લોલ
દેજો મારા ચાંમુંડ માને હાથ ગરબે રમવા આવજો રે લોલ
ત્રીજી કંકોત્રી રે આરાસુર મોકલો રે લોલ
દેજો મારા અંબે માને હાથ ગરબે રમવા આવજો રે લોલ
ચોથી કંકોત્રી રે પાવાગઢ  મોકલો રે લોલ
દેજો મારા મહાકાળીને હાથ ગરબે રમવા આવજો રે લોલ
પાંચમી કંકોત્રી રે મઢડે મોકલો રે લોલ
દેજો માઆશાપુરાને હાથ ગરબે રમવા આવજો રે લોલ
છઠ્ઠી કંકોત્રી રી દડવા મોકલો રે લોલ
દેજો મારા રાંદલ માને હાથ ગરબે રમવા આવજો રે લોલ
સાતમી કંકોત્રી રે ઉઝા શેર મોકલો રે લોલ
દેજો મારા ઉમિયા માને હાથ ગરબે રમવા આવજો રે લોલ
આઠમી કંકોત્રી રે ધામા મોકલો રે લોલ
દેજો મારા શક્તિ માને હાથ ગરબે રમવા આવજો રે લોલ

# વરસે ભલે વાદળીને વાયુ ભલે વાય

વરસે ભલે વાદળીને વાયુ ભલે વાય
માડી તારો દિવડો તોયે ના બુઝાય તોયે ના બુઝાય
ભલે ને આવે આંધી તુફાનો
ભલેને આંભલા સળગી જાય
માડી તારો દિવડો તોયે ના બુઝાય તોયે ના બુઝાય
ભલેને આંભમાં મેહુલીયા ગાજે
ભલેને વિજળીના ચમકારા થાય
માડી તારો દિવડો તોયે ના બુઝાય તોયે ના બુઝાય
ભલેને વાદળી આભમાંથી  વરસે
ભલેને મેઘ આવી ગરજી જાય
માડી તારો દિવડો તોયે ના બુઝાય તોયે ના બુઝાય
ભલેને પવનના ઝપાટા બોલે
ભલેને પૃથ્વી પર પ્રલય થાય
માડી તારો દિવડો તોયે ના બુઝાય તોયે ના બુઝાય

# વનમા વસે છે અંબે માત

વનમાં વસે છે અંબે માત હો માવડી વનમાં વસે છે
પત્થર પહાડને ગીચ વનરાઇ છે
લાગે અનેરો આભાશ હો માવડી વનમાં વસે છે
વાયરાના વેગ સુ વનને ગજાવતાં
પંખીડા બોલે પ્રભાત હો માવડી વનમાં વસે છે
સુર્ય ઝગમગતો પુષ્પો ખીલવતો
આરતીનો થાય ઝણકાર હો માવડી વનમાં વસે છે
જ્યોતિ ઝગમગતી અંબાના નામની
જાગે જનુની અંબે માત હો માવડી વનમાં વસે છે
આશોના અજવાળા પ્રવિણ પાથર્યા
ધુન મચાવે દિન રાત હો માવડી વનમાં વસે છે
નોરતાના ગરબા ગગન ગજાવતાં
નોબત વગાડે મેઘરાજ હો માવડી વનમાં વસે છે
'વસંત' વસે છે માના ચરણ કમળમાં
સેવા કરે છે દિન રાત

## વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા,
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા;
દુર્બુદ્ધિ દૂર કરીને સદબુદ્ધિ આપો
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૧||

ભૂલો પડી ભવરણે ભટકું ભવાનિ,
સુઝે નહિ લગીર કોઇ દિશા જવાની;
ભાસે ભયંકર વળી મનના ઉતાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૨||

આ રંકને ઉગરવા નથી કોઇ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો,
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૩||

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું,
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારું,
કોને કહું કઠિન યુગ તણો બળાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૪||

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,
આડંબરે અતિ ઘણો મદથી બકેલો,
દોષો થકી દુષિતના કરી માફ પાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૫||

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું,
હા મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું,
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૬||

રે રે ભવાનિ બહુ ભૂલ થઇ જ મારી,
આ જિંદગી થઇ મને અતિશે અકારી,

દોષો પ્રજાળી સઘળાં તવ છાપ છાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૭||

ખાલી ન કાંઇ સ્થળ છે વિણ આપ ધારો,
બ્રહ્માંડમાં અણું અણું મહીં વાસ તારો,
શક્તિ ન માપ ગણવા અગણિત માપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૮||

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો,
ખોટો ખરો ભગવતી પણ હું તમારો,
જાડ્યાંધકાર કરી દૂર સુબુદ્ધિ આપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૯||

શીખ સુણે રસિક છંદ જ એક ચિત્તે,
તેને થકી ત્રિવિધ તાપ ટળે ખચિત્તે,
વાધે વિશેષ વળી અંબ તણા પ્રતાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૧૦||

શ્રી સદગુરુ શરણમાં રહીને યજું છું,
રાત્રિદિને ભગવતી તુજને ભજું છું,
સદભક્ત સેવકતણા પરિતાપ ચાંપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૧૧||

અંતર વિષે અધિક ઉર્મિ થતાં ભવાનિ,
ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાણી,
સંસારના સકળ રોગ સમૂળ કાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો ||૧૨||

## આરતી

જય આદ્યા શક્તિ મા જય આદ્યા શક્તિ,
અખંડ બ્રહ્માંડ દીપાવ્યા )2)પડવે પંડિતમા, જયો જયોમા જગદંબે

દ્વિતિયા બેય સ્વરૂપ શિવ શક્તિ જાણું મા શિવ )2)
બ્રહ્મા ગણપતિ ગાઉ )2) હર ગાવું હરમા, જયો જયો

તૃતીયા ત્રણસ્વરૂપ ત્રિભુવનમાં બેઠા મા,ત્રિભુવન )2)
દયા થકી તરવેણી )2) તમે તારૂણી માતા જયો જયો

ચોથે ચતુરા મહાલક્ષ્મી મા સચરાચર વ્યાપ્યાં, મા )2)
ચાર ભુજા ચૌદિશા, (2) પ્રગટયાં દક્ષિણમાં જયો જયો,

પંચમી પંચ ઋષિ, પંચમી ગુણ પદ્મા, મા પંચમી )2)
પંચ તત્વ ત્યાં સોહિયે )2)પંચે તત્વોમાં જયો જયો

ષષ્ઠિ તું નારાયણી મહિસાસુર માર્યો મા મહિસાસુર )2)
નર નારી ના રૂપે )2)વ્યાપ્યાં સર્વેમા જયો જયો

સપ્તમી સપ્ત પાતાળ સંધ્યા સાવિત્રી માં સંધ્યા )2)
ગૌ ગંગા ગાયત્રી )2) ગૌરી ગીતા મા જયો જયો

અષ્ટમી અષ્ટભુજા આવી આનંદા મા )2)
સુનીવર મુનીવર જનમ્યા )2) દેવ દૈત્યો મા જયો જયો.

નવમી નવકુળ નાગ સૈવે નવદુર્ગા મા સેવે )2)
નવરાત્રીના પૂજન, શિવરાત્રીનાં અર્ચન,કીધાં હર બ્રહ્મા મા જયો જયો.

દશમી દશ અવતાર જય વિજયા દશમી, મા જય )2)
રામે રામ રમાડયા, (2) રાવણ રોળ્યો મા જયો જયો

એકાદશી અગિયારસ કાત્યાયની કામા મા કાત્યાયની )2)
કામદુર્ગા કાળીકા )2) શ્યામાને રામા, જયો જયો

બારસે બાળારૂપ બહુચરી અંબા મા બહુચરી )2)
બટુક ભૈરવ સોહીએ કાળ ભૈરવ સોહીએ, ત્હારા છે તુજ મા, જયો જયો

https://pdfseva.com/

તેરશે તુળજા રૂપ તમે તારૂણી માતા, મા તમે )2)
બ્રહમાવિષ્ણુ સદાશિવ )2) ગુણતારા ગાતા જયો જયો

ચૌદશે ચૌદા સ્વરૂપ, ચંડી ચામુંડા મા ચંડી )2)
ભાવ ભક્તિ કાંઈ આપો, ચતુરાઈ કાંઈ આપો,
સિંહ વાહિની માતા, જયો જયો

પુનમે કુંભ ભર્યો સાંભળજો કરુણા મા સાંભળજો )2)
વસિષ્ઠ દેવે વખાણ્યાં માર્કન્ડ દેવે વખાણ્યાં,
ગાઈ શુભ કવિતા જયો જયો

સવંત સોળસત્તાવન સોળસે બાવીસ મા )2)
સવંતસોળમાં પ્રગટયાં )2) રેવાને તીરે, મૈયા ગંગાને તીરે,
મૈયા જમુના ને તીરે )2) જયો જયોમા જગદંબે.

ત્રાંબાવટી નગરી, આઈ રૂપાવટી નગરી માં મંછાવટી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ )2) ક્ષમા કરો ગૌરી,
મા દયા કરો ગૌરી, જયો જયોમા જગદંબે.

શિવ શક્તિની આરતી જે કોઈ ગાશે માં જે કોઈ ગાશે )2)
ભણે શિવાનંદ સ્વામી )2) સુખ સંપત્તિ થાશે.

હર કૈલાસે જાશે, મા અંબા દુઃખહરશે, મા બહુચર દુઃખ હરશે,
મા કાલી દુઃખ હરશે, મા લક્ષ્મી દુઃખ હરશે જયોજ્યો

ભાવન જાણુ ભક્તિ ન જાણું નવજાણું સેવા મા નવ )2)
વલ્લભ ભટ્ટ ને રાખ્યો )2) ચરણે સુખ દેવા જયો જયો.

**એ બે એક સ્વરૂપ** અંતર નવધરશો માં અંતર )2)
ભોળા ભવાની ને ભજતાં )2)ભવ સાગર તરશો, જયો જયોમા જગદંબે,